R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા .

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 1/2 DATE: 10-01-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ગુજરાત સરકારે ગેરકાયદેસર ધર્માંતરણની વિગતો એકઠી કરવાના આદેશો જારી કર્યા

તાજેતરમાં ધર્માંતરણનો મુદ્દો રાષ્ટ્રીય કક્ષાએ વિવાદનો મુદ્દો બન્યો છે.ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાયા બાદ દેશભરમાં સંઘ અને તેમની ભગીની સંસ્થાઓ દ્વારા ઘર વાપસી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.તેમજ કેટલાક કટ્ટરવાદી નેતાઓ દ્વારા ૨૦૨૧ની સાલ સુધીમાં સમગ્ર ભારતને માત્ર હિંદુ રાષ્ટ્ર કરવાનો સંકલ્પ દોહરાવ્યો છે.જો કે ભારતીય સંવિધાન બિનસાંપ્રદાયિકતામાં માનતું બંધારણ છે તેની અવહેલના કરીને પ્રાપ્ત બહુમતીના જોરે કટ્ટરવાદીઓ તેમના છુપા એજન્ડાને આગળ વધારી રહ્યા છે.મુસ્લીમ અને ખ્રિસ્તીઓને ફરીથી હિંદુ ધર્મમાં ધર્માંતરણ કરવાની પ્રક્રિયા ચલાવાઈ રહી છે.શબ્દજાળ પાથરવામાં માહિર એવા લોકો ઘરવાપસી કાર્યક્રમને ધર્મ પરિવર્તન ગણતા નથી.તેઓ લાલચ આપીને ધર્માંતરણ કરી રહ્યા છે તેવો આરોપ તેમની પર મુકાયો છે. અખબારોમાં છપાયેલ સમાચારો મુજબ એક ખ્રિસ્તી અને એક મુસ્લીમને હિંદુ ધર્મમાં વાપસ લાવવા માટે અનુક્રમે ૨ લાખ અને પાંચ લાખનો ખર્ચ થાય છે.આ આ વિવાદ રાષ્ટ્રીય કક્ષાએ ઘેરો બન્યો છે. જો કે તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓ આ કાર્યક્રમમાં તેમનો કોઈ સાથ કે સહકાર નથી તેવી જાહેરાતો કરતા થયા છે.પરંતુ આ લોકોના ચાવવાના અને દેખાડવાના દાંત જુદા હોય તેવી તેમની પ્રકૃતિ છે.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા પોલીસે પાસેથી છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે ધર્માંતરણ કરાવાયાની એફઆઈઆર થઈ હોય તેની વિગતો માંગી છે.મંજુરી વગર જ કરાયેલા કે કરાવાયેલા ધર્માંતરણ અંગેની ફરિયાદોની વિગતો મંગાતા ચર્ચા જાગી છે.સરકારના આદેશને કારણે પોલીસ છેલ્લા બે વર્ષમાં મંજુરી વગર થયેલ ધર્માંતરણ અંગેની ફરિયાદો શોધી કાઢવા માટે કવાયત કરી રહી છે. જો કે તેમને માટે હાલમાં ગુજરાતમાં ચાલી રહેલ જશ્નમાં આવેલ મહાનુભાવોની સુરક્ષાની મોટી જવાબદારી છે.કહેવાય છે કે સંઘ દ્વારા ધર્માંતરણ નથી કરાવાતું, પરંતુ ઘરવાપસી કરાવાય છે.આ માત્ર શબ્દોની માયાજાળ છે.વાત એકની એક છે પરંતુ છટકબારી શબ્દોની માયાજાળ ઉભી કરી શકે છે.અને હવે તો તેમની સાથે તેમની સરકાર છે.તેથી તેઓ ધારે તે કરી શકે છે.પરંતુ આ વિવાદે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં એક ઘેરી ચિંતા ઉભી કરી છે.વિકાસના મોડલ માટે પ્રયત્નશીલ વડાપ્રધાનના હવનમાં ઘરવાપસી કાર્યક્રમ રોડાં નાખી શકે તેમ છે.તેમજ તેમની છબી ખરડાઈ શકે છે.

ફ્રાંસને ત્રણ દિવસ સુધી બાનમાં રાખનારા આતંકીઓ અંતે ઠાર કરાયા

ફ્રાંસની રાજધાની પેરીસમાં શાર્લી હેબ્દો સાપ્તાહિકની ઓફીસ પર ત્રાટકીને આંતકીઓ ૧૨ લોકોની હત્યા કરી હતી જેમાં ૧૧ પત્રકારો હતા.પેરીસમાં આતંકવાદી હુમલાની બે ઘટના બની હતી.જેમાં શાર્લી હેબ્દોની ઘટનાને અંજામ આપનારા બે આતંકી ભાઈઓ અને એક અન્ય સ્થળે એક આતંકવાદીએ લોકોને બંધક બનાવ્યા હતા.પોલીસે કરેલ કાર્યવાહીમાં ચાર બંધક માર્યા ગયા હતા.

પોલીસે આંતકવાદીઓને જેર કરવા માટે ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં શરીફ કાઉચી અને સઈદ કાઉચી નામના બે આતંકી ભાઈઓ ઠાર મરાયા હતા.પોલીસે શકમંદોને પડકાર્યા ત્યારે તેઓ ભાગીને નજીકની એક ઈમારતમાં ઘુસી ગયા હતા અને અનેક લોકોને બંધક બનાવ્યા હતા.પોલીસે આખી ઈમારતને ઘેરી લઈ કાર્યવાહી કરી હતી. જેમાં આતંકીઓ ઉપરાંત કેટલાક બંધકોના મોત નિપજ્યા હતા.ફ્રાંસમાં મીડીયા પર થયેલ હુમલાને કારણે સમગ્ર વિશ્વમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.આતંકવાદીઓ પર ચારેબાજુથી ફિટકાર વરસવાયો હતો.

ખ્રિસ્તીઓના તહેવાર નાતાલને ગુડ ગર્વનન્સ ડે સરકારે જાહેર કરતાં ખ્રિસ્તી આલમમાં ઉચાટ

ભારતમાં વસતી ખ્રિસ્તી લઘુમતી કોમે સરકાર દ્વારા નાતાલના તહેવારને ગુડ ગર્વનન્સ ડે જાહેર કરતાં ભયની લાગણી અનુભવી છે.તેમજ સ્કુલોને ગુડ ગર્વનન્સ ડે ઉજવવા તાકીદ કરી છે. તેથી સરકાર દ્વારા કોમવાદી એજન્ડાને દાખલ કરી રહ્યા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે.વિરોધ પક્ષોએ પણ સંસદમાં આ બાબતે વિરોધ દર્શાવ્યો હતો.શ્રી અલવન મસીહ, જનરલ સેક્રેટરી, ચર્ચ ઓફ નોર્થન ઈન્ડીયા એ ક્રિશ્ચિયન ટુ ડે ને જણાવ્યું હતું કે ખ્રિસ્તીઓ ભયની લાગણી અનુભવી રહ્યા છે.કારણકે આ નાતાલ બાબતે સરકાર જે ડ્રામા ભજવી રહી છે તેનાથી,આથી તેઓએ વડાપ્રધાનને વિનંતી કરી હતી કે તેઓ આ બાબતે પગલાં લે જેથી ભવિષ્યમાં આવું ફરીથી બને નહી. આવા પ્રકારની ઘટના થી ખ્રિસ્તી લઘુમતીમાં ભયની લાગણી ઉભી થઈ શકે તેમાં કોઈ બેમત નથી કારણકે આ પગલું સરકાર તરફથી લેવામાં આવ્યું છે.

અમોને નાગરિક તરીકે સમાન અધિકાર મળવો જોઈએ તેમજ અમને અમારા તહેવાર જેવા કે ક્રિસમસ કોઈપણ જાતની રુકાવટ વગર ઉજવવાની આઝાદી મળવી જોઈએ.જ્યારે વડા પ્રધાન તરીકે નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા ત્યારે તેમણે એક સ્લોગન આપ્યું હતું કે "સબકા સાથે, સબકા વિકાસ"એનો અર્થ એ થાય છે કે તેઓ સર્વ નાગરિકોને સાથે લઈને ચાલશે.પરંતુ આ પ્રકારનું સરકારી વર્તન તેમની બાંહેધરીનો ભંગ કરે છે.ક્રિસમસ એ વિશ્વભરમાં જાહેર રજા તરીકે માન્ય છે અને વિશ્વભરમાં વસતા ખ્રિસ્તીઓ નાતાલનો તહેવાર ઉજવે છે.તેઓ માત્ર તેમના ખાતર જ આ તહેવારને ઉજવતા નથી પરંતુ સમગ્ર માનવજાત માટે તેની ઉજવણી કરે છે.પરંતુ સરકારે જાહેર કરેલા સરક્યુલર મુજબ સ્કુલમાં ભણતા બાળકોને ઓનલાઈન નિબંધમાં ભાગ લેવાનું જણાવાયું છે.તેથી સ્કુલોને ખુલ્લી રાખવા જણાવાયું છે.આ પ્રમાણે કરીને તેની માહીતી સરકારને પહોચાડવાની છે.એનો અર્થ એ થાય છે કે તેઓ ખ્રિસ્તી સમુદાયની ભાવનાને જાણી જોઈને ઈગ્નોર કરવા માંગે છે.જે વડાપ્રધાને આપેલ બાંહેધરી સાથે મેળ ખાતી નથી.

આ પહેલાં નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા કે જે એચઆરડી મંત્રાલય હેઠળ કામ કરે છે તેણે ૧૨ ડિસેમ્બરે સરક્યુલરથી આદેશ કર્યો હતો કે ભુતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈનો જન્મદિવસ, અને હિંદુ મહાસભાના લીડર મદન મોહન માલવીયાના જન્મ દિવસને ૨૫મી ડિસેમ્બરે ઉજવવામાં આવે,સાથે સાથે ભારતીય જનતા પાર્ટી સત્તારુઢ થઈ છે તેનો ગુડ ગવર્નન્સ ડે પણ ઉજવવામાં આવે.સરકયુલરમાં આ દિવસે સ્કુલો ચાલુ રાખી તે દિવસે વિદ્યાર્થીઓ માટે નિંબધ સ્પર્ધા,ક્વીઝ અને વકૃત્વ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવે.ધ ઈન્ડીયન એકસપ્રેસ ન્યુઝ પેપરે જણાવ્યા પ્રમાણે વાઈસ ચાન્સેલર્સ,બધીજ સેન્ટ્રલ યુની.ને પણ સરક્યુલર મોકલાયો હતો જેમાં ૨૫મી ડિસેમ્બરને ટેકનોલોજી એન્ડ ઈનોવેશન ઈન પ્રમોટીંગ ગુડ ગર્વનન્સ ઉજવવા આદેશ કરાયો હતો.

વિરોધ પક્ષો તેમજ અન્યો દ્વારા થયેલ ભારે ટીકાઓ બાદ એચઆરડી મીનિસ્ટર સ્મૃતિ ઈરાનીએ સંસદમાં સ્પષ્ટતા કરી હતી કે સરક્યુલર સ્કુલોમાં નિબંધ સ્પર્ધા માટે મોકલાયો હતો પરંતુ તે મરજીયાત છે અને ઓનલાઈન છે.જ્યારે પાર્લામેન્ટરી એફેર્સ મીનીસ્ટર વેકટ્યા નાયડુએ સંસદમાં ચોખવટ કરતાં જણાવ્યું હતું કે આ બાબતે રીવાઈઝડ સરક્યુલર મોકલાયો છે જેમાં ક્રિસમસને અપમાન નહી કરવાનો ઉલ્લેખ છે.સ્કુલોને નાતાલ ઉજવવા જણાવાયું છે.અને નાતાલને કોઈ નડતર થાય નહી તેમ જોવા જણાવાયુ છે.

અમોને એમ હતું કે વડાપ્રધાન સંસદમાં આવશે અને ખોટું થયું છે તેવી લાગણી પ્રદર્શિત કરશે.પરંતુ તેમ બન્યું નથી.જો કે આ બહુ મોટો મુદ્દો નથી પરંતુ તે ભય પેદા કરી શકે છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

નવ ક્રાંતિ

ત્રાસવાદીઓનો ક્રુર પંજાએહવે કોઈ દેશ,શહેર કે સમુદાય કરતાં પણ વધારે એવા અખબારી સ્વાતંત્ર પર તરાપ મારી છે. પેરિસમાં વ્યંગકટાક્ષ સામ્પ્તાહિક' ચાર્લી હેબ્દો' પર ત્રાસવાદીઓ ત્રાટક્યા હતા અને તંત્રી,પત્રકારો અને કાર્ટુનિસ્ટ સહિત ૧૨ વ્યક્તિઓને મારી નાંખ્યા હતા.પેરીસ યુરોપની એક મોજીલી સંસ્કૃતિનું કેન્દ્ર મનાય છે.અહીંયા થયેલા ત્રાસવાદી હુમલાને કારણે સમગ્ર યુરોપ અને પશ્ચિમી દેશોમાં ખળભળાટ વ્યાપી ગયો છે.ત્રાસવાદીઓ કે ધર્માંધ કટ્ટરવાદીઓનો આતંક અખબારો,સામ્પ્તાહિક સહિતની મીડીયા જગત પર લંબાઈ રહ્યો છે.આ પહેલાં તાલીબાનો દ્વારા પત્રકારોના મોત નિપજ્યા હતા.ક્રુરતા દર્શાવતા વીડીયો આઈએસઆઈએસ દ્વારા રીલીઝ કરાયા હતા જેમાં પત્રકારોનો શિરચ્છેદ બતાવાયો હતો.પોતાની મરજી અન્યો પર થોપી દેવાની જડતામાંથી ત્રાસવાદ પેદા થાય છે.

આપણા પડોશી દેશ પાકિસ્તાનમાં તાજેતરમાં કેટલાક માસુમ બાળકોને ત્રાસવાદીઓએ રહેસીં નાખ્યા હતા.ઓસ્ટ્રેલીયામાં ત્રાસવાદનો ચહેરો ડોકાયો હતો.વિશ્વભરમાં અલગ અલગ ત્રાસવાદી સંગઠનો પાછળ એક સરખી ધર્માંધતા,કટ્ટરવાદી વિચારધારા કામ કરે છે.ત્રાસવાદના પરિણામો વિશ્વભરમાં અનેક દેશો ભોગવી રહ્યા છે.નાઈજીરીયામાં બોકો હરામ ત્રાસવાદી સંગઠને હાહાકાર મચાવ્યો છે.ત્રાસવાદએ હવે વેશ્વિક સમસ્યા બની છે. તેથી તેને ડામવા માટે વિશ્વભરમાંથી દરેક દેશ અને નેતાઓએ એક થઈ તેની સામે લડત આપવાની છે.ત્રાસવાદ એક બંધિયાર વિચારધારાની પેદાશ છે.અને તે ધર્મ ઝનુનથી પાંગરે છે.ત્રાસવાદનો ખાત્મો બોલાવવા માટે પોતાના રાજકીય કે રાજદ્વારી હિતોને બાજુ પર મુકીને કામ કરવું પડશે. ભારતમાં પણ એક ધાર્મિક કટ્ટરવાદ ઉભો થઈ રહ્યો છે.અને જે ત્રાસવાદ જેવું નજીકના ભવિષ્યમાં રુપ ધારણ કરે તેવી વકી છે જો તેને ઉગતો ડામી દેવાશે નહી તો.ભારતના બંધારણને લક્ષમાં રાખીને સત્તા સ્થાને બેઠેલા લોકોએ કાર્ય કરવું પડશે.જો તેમ કરવામાં તેઓ પાછી પાની કરશે તો ભાજપ સાથે સંકળાયેલ તેમની અન્ય સંસ્થાઓની ગતિવિધિઓ આજ પરિણામો લાવી શકે છે.પોતાના મતલબ મુજબના અર્થો કરીને ધર્માંધતા અને કટ્ટરતાવાદને પોષવું તે અસ્થાને છે.આવનારી પેઢીઓને આપણે સારી સંસ્કૃતિનો વારસો આપવા માટે આ બધું ત્યજવું પડશે.

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

અમારા માનવંતા વાચકો અને ગ્રાહકોને નવા વર્ષ -૨૦૧૫ ની શુભેચ્છાઓ પાઠવીએ છીએ

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

આખુ પાન	રૂ.૫૦૦૦	અર્ધુ પાન	રૂ.૨૫૦૦
૧/૪ પાન	રૂ.૧૨૫૦	૧/૮ પાન	રૂ. ૬૦૦
વાર્ષિક પેનલ	રૂ.૫૦૦૦	માસિક પેનલ	રૂ.૧૮૦૦

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

પાકિસ્તાનમાં ૫૦૦ થી વધુ ત્રાસવાદીઓને ફાંસી અપાશે

પાકિસ્તાનમાં વધી ગયેલા ત્રાસવાદી હુમલાઓને કારણે સરકાર એકદમ જાગી ઉઠી છે.૨૦૦૮માં ફાંસીની સજા પર લાગેલો પ્રતિબંધ ઉઠાવી લેવાતાં આશરે ૫૦૦ થી વધુ આતંકવાદીઓની દયાની અરજી ફગાવી દેવાઈ છે.અને આગામી દિવસોમાં આ બધાને સાગમટે ફાંસી આપી દેવાશે.

એજન્સીના સમાચારો મુજબ ગૃહમંત્રાલયે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ મનમુન હુસેને આ પપ આતંકવાદીઓની અરજી ફગાવી દીધી છે.અને તેના કારણે મંત્રાલય દ્વારા તેમના માટે બ્લેક વોરંટ જારી કરી દેવાનો માર્ગ મોકળો બન્યો છે.પ્રતિબંધને કારણે ૨૦૧૨થી દયાની અરજી ઓ પેન્ડીંગ હતી.કેમકે પુર્વ પ્રમુખ આસિફ અલી ઝરદારીએ તેના પર કોઈ પગલાં લેવાનું નકાર્યું હતું.

ગૃહમંત્રી નિસાર અલીખાને કહ્યું હતું કે પાકિસ્તાનની વિવિધ કોર્ટોમાં ૫૦૦ થી વધુ આતંકવાદીઓને મોતની સજા ફટકારી છે.હવે પેશાવરની ઘટના બાદ સરકારે ફાંસી પરનો પ્રતિબંધ ઉઠાવી લેતાં સરકારે આ બધાને સજા આપવાનું નક્કી કર્યું છે. જો કે તેમણે એવુ પણ સાહસ બતાવ્યું હતુ કે પોતાના સાથીઓની ફાંસીને કારણે આતંકવાદીઓ તરફથી મળનારા જવાબ માટે પણ દેશ તૈયાર છે.પાકિસ્તાને થોડાક દિવસો પહેલાં ચાર આતંકવાદીઓને ફાસી આપી હતી.પાકિસ્તાનના જમણેરી જુથોએ મોતની સજા ફરીથી શરુ કરવાના નિર્ણયની ટીકા કરી છે.

નેબ્રાસ્કામાં ચર્ચમાં છીંક ખાવા પર પ્રતિબંધ છે.

હાથના નખ પગના નખ કરતાં ચાર ગણી ઝડપથી વધે છે.

માણસના શરીરની ચામડીનું વજન કુલ વજનના સોળ ટકા જેટલું થવા જાય છે.

નેધરલેન્ડમાં ચલણી નોટો પર અંધજનો પારખી શકે માટે બ્રેઈલ લીપીમાં રકમ લખેલી હોય છે.ઈઝરાયેલ અને સ્વીઝરલેન્ડમાં પણ આ પ્રકારની ચલણી નોટો ચલણમાં છે.

એક વૃક્ષમાંથી આશરે ૪૦૦ જેટલાં સમાચાર પત્રો બની શકે તેટલો કાગળ મળે છે.

એમ્બ્યુલન્સની પહેલવહેલી ડીઝાઈન બેરોન ડોમિનિક જીન લેરી દ્વારા કરવામાં આવી હતી.

ડુંગળી કાપતી વખતે ચુંઈગમ ચાવવાથી આંખમાંથી પાણી નિકળતું નથી.

જૈનોની પવિત્ર નગરી પાલિતાણામાં નોનવેજ વેચાણ પરનો પ્રતિબંધ આખરે પાછો ખેચાયો

ભાવનગરના પાલિતાણી તળેટીમાં નોનવેજ વેચવા પર પ્રતિબંધ ફરમાવવામા આવ્યો હતો.જૈનોની ધર્મશાળાઓ નજીક જ વેચાતા નોનવેજ સામે ભારે વિરોધ કરવામાં આવ્યો હતો.જેને પગલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન આજે સરકારે પોતાનું નોટીફીકેશન પાછુ ખેચ્યુ હતું. જેમાં પાલીતાણાની નગરપાલિકાની હદમાં મટન,ઈંડા,માછલી વેચવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો.તો બીજી તરફ પાલિતાણાના રહીશ વિનોદ મીઠાપરાએ હાઈકોર્ટમાં સરકારના આ પ્રતિબંધને પડકાર્યો હતો. અને આ પ્રતિબંધ ગેરકાયદેસર હોવાની દાત માંગી હતી.અને એવી રજુઆત કરી હતી કે જિલ્લાના સત્તાવાળાઓએ જૈન અગ્રણીઓના દબાણને વશ થઈને આ પ્રતિબંધ ફરમાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે કેટલાક જૈનો દ્વારા નોનવેજ વેચવાના નિર્ણય સામે ઉપવાસ કરવામાં આવ્યા હતા. જો કે કોર્ટ સમક્ષ અરજદારના વકીલ સૌરભ પટેલે એવી રજુઆત કરી હતી કે ૧૯૯૯માં સરકારનું નોટીફિકેશન હતું જેમાં ભૈરવનાથી બ્રીજથી શંત્રુજય હિલ સુધીના રસ્તા પર નોનવેજ ફુડ વેચવા પર પ્રતિબંધ હતો. તે નોટિફીકેશન મુજબ કોઈ વેપારી ૨૫૦ મીટરના વિસ્તારમાં નોનવેજ વેચતા નથી. તો ફરીથી નવા નોટીફીકેશનને અમલમાં લાવી શકાય નહી

બોકો હરામ નાજીરીયન આતંકીઓ ૩૫ને મોતને ઘાટ ઉતાર્યા અને ૧૦૦ વિલેજર્સનું અપહરણ કર્યું

બોકો હરામના હુમલામાં ૩૫ વ્યકિતઓના મોત નિપજ્યા હતા.આ બનાવ નોર્થઈસ્ટર્ન વિલેજ ગુમસુરી ખાતે બન્યો હતો.આ આતંકીઓ ૧૦૦ જેટલી મહિલાઓ અને બાળકોનું અપહરણ કરી ગયા હતા.

બીબીસીના રીપોર્ટ પ્રમાણે આ પ્રકારના સમાચારો આવતાં અને ઈન્ટરનેશનલી લોકોને જાણ થતાં અમુક સમય લાગે છે.મેઈડુગુરી સીટી ખાતે બચી ગયેલા લોકો આ સમાચાર બાબતે જણાવે છે.મેઈના ચીબોક,જેણે પોતાના કુટુબની મુલાકાત ગુમસુર ખાતે લીધી હતી તેના જણાવ્યા પ્રમાણે આતંકી ટ્રકમાં આવ્યા હતા અને અંધાધુંધ ગોળીબાર કર્યો હતો.તેઓએ લોકોને એકઠા કર્યા હતા.૩૫ પુરુષોને સ્થળ ઉપર મારી નાંખ્યા હતા.૧૦૦ મહિલાઓ અને બાળકોના અપહરણ કરી ગયા હતા.આ લોકો મેડીકલ સેન્ટર,દુકાનો અને ઘરોને પણ બાળી મુકે છે.

ઈ-પાસપોર્ટની સેવા ૨૦૧૬ સુધીમાં ઉપલબ્ધ બનશે

દેશમાં ઈ-પાસપોર્ટની સુવિધા ૨૦૧૬ સુધીમાં શરુ કરવામાં આવશે.તેવું વિદેશ મંત્રાલય સાથે સંકળાયેલ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.હાલમાં તે ટેન્ડરીંગ પ્રોસેસમાં છે.ખાસ કરીને બાયોમેટ્રીક અને ડીજીટલ પાસપોર્ટ તરીકે ઓળખાતા આ પાસપોર્ટમાં એક માઈક્રોપ્રોસેસર ચીપ લગાવવામાં આવશે.એક વર્ષમાં એક કરોડ એપ્લીકેશન પ્રોસેસ કર્યા બાદ અમેરિકા અને ચીન પછી ભારત હવે વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી વધુ પાસપોર્ટ ફાળવનારો દેશ બનશે તેમજ આ વર્ષે તેમાં વીસ ટકાનો વધારો થવા પામ્યો છે.દેશમાં સૌથી વધુ ૧૦ લાખ પાસપોર્ટ માટેની અરજીઓની પ્રોસેસ કેરાલામાં કરવામાં આવી છે.જેમાં કેરાલાનું મલપ્પુરમ દેશમાં પ્રથમ નંબરે હોવાનું મનાય છે.

૨૦૧૪માં વિદેશ મંત્રાલયને પાસપોર્ટ અને તેનાં સંદર્ભમાં ૧ કરોડ અરજીઓ મળી છે. જ્યારે ૮૭.૦૩ ટકા અરજીઓ પાસપોર્ટ અને તેના સંદર્ભની સર્વીસ માટે મળી છે. ૨૦૧૫-૧૬માં આપણે ઈ પાસપોર્ટની સેવાનો લાભ લઈ શકીશું.સેવાઓ ઝડપથી લોકોને મળી શકે માટે વિદેશ મંત્રાલયે તરફથી જરુરી આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.જે લોકોના પાસપોર્ટ વેલીડીટીમાં હશે અને તેઓને ઈ પાસપોર્ટ લેવો હશે તો તેમણે તેની જરુરી ફી ભરીને કઢાવી શકાશે તેવી માહીતી પણ મળી હતી.ઈ પાસપોર્ટ એક નવી વ્યવસ્થા છે તેનાથી ખોટા નકલી પાસપોર્ટ બનવાની શક્યતા ઘટી જશે તેવું મનાઈ રહ્યું છે.

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૯૬

ઇસ્લામીક સંગઠન (ઇસીસ)દ્વારા ચર્ચોની કિમતી ચીજો લુંટીને વેચાઇ રહી છે

ઇરાક અને સીરીયામાં આવેલ અનેક ઐતિહાસિક ધરોહર ધરાવતાં ખ્રિસ્તી ચર્ચો ઉપર ધાવો બોલીને ચર્ચની કિંમતી ચીજો લુટીને ઇસીસ દ્વારા તેનું વેચાણ કરીને ખુબજ નાંણા એકત્રીત કરવામાં આવી રહ્યા છે.

ક્રિશ્ચિયન ટુડે એ તેના રીપોર્ટમાં જણાવ્યુ હતું કે આવી ચોરાયેલ ચીજો મીલીયન ડોલર્સની વેલ્યુ ધરાવતી હતી.આ આતંકવાદીઓ આ પહેલાં ઓઇલની દાણચોરી કરીને તેને બહાર લઇ જવા માટે ખાસ ચેનલ ગોઠવી હતી.અને આ ચેનલ દ્વારા હથિયારોની લેવડદેવડ પણ કરવામાં આવતી હતી.સત્તાવાળાઓનું માનવું છે કે આ ચેનલનો ઉપયોગ કરીને તેઓ પશ્ચિમી વેપારીઓને આ ધાર્મિક સંસ્થોની કિંમતી ચીજો વેચી રહ્યા છે અને પહોચાડી રહ્યા છે.

વિલી બ્રુગીમેન, બેલ્જીયમ ફેડરલ પોલીસ કાઉન્સીલ પ્રેસીડેન્ટે ધ ટાઇમ્સને જણાવ્યું હતું કે ઇસીસ પોતાના ડાયરેક્ટ સંપર્કો ઉભા કરીને ખરેખર ખરીદદાર વેપારી સુધીનું નેટવર્ક વિકસાવ્યું છે.તેઓ તેમનો એકબીજા સાથે નજીકનો સંપર્ક ઇચ્છી રહ્યા છે.

હજુ સુધી યુકેમાં કોઇ પણ આવી લુંટેલી ચીજોનો ખરીદદાર પકડાયો નથી.પરંતુ બ્રુગીમેને કહ્યું હતું કે આ શોધી શકાય તેમ નથી. મ્યુરલ અને મેસોનરી ચર્ચની સૌથી વધુ ચોરાયેલ ચીજો છે.

હિંદુ મહાસભાએ ગોડસેની બનાવેલી ફિલ્મ જાન્યુઆરીમાં રીલીઝ કરશે

દેશના મહત્વના શહેરોમાં મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેની પ્રતિમાં લગાવવા માટે સરકારની મંજુરી માંગ્યા બાદ હવે હિંદુ મહાસભાએ તેમની ફિલ્મ રીલીઝ કરવાની વાત કરી છે.

હિંદુ મહાસભાએ આ ફિલ્મનું નામ દેશભક્ત નથુરામ ગોડસે રાખ્યું છે.જેને આગામી ૩૦ જાન્યુઆરીના રોજ રીલીઝ કરવામાં આવશે.આ દિવસે ૧૯૪૮માં ગોડસેએ મહાત્મા ગાંધીની ગોળી મારી હત્યા કરી હતી.એમ હિંદુ મહાસભાના જનરલ સેક્રટરી મુન્નાકુમાર શર્માએ જણાવ્યું હતું.આ ફિલ્મમાં માત્ર ગોડસેને મહત્વ નથી અપાયું પણ મહાત્મા ગાંધીએ હિંદુ ધર્મના લોકો સાથે કેવો વ્યવહાર કર્યો હતો તેની પણ નોંધ લેવામાં આવી છે.મુન્ના શર્માએ જણાવ્યું હતું કે આ દેશની આજની પેઢીને ગોડસેના વિચારો અને તેમની રાષ્ટ્રભકિતનું જ્ઞાન થાય માટે આ ફિલ્મ બતાવવામાં આવી રહી છે.

પાકિસ્તાની કોર્ટે બે મોલવીની ખ્રિસ્તી દંપતિની હત્યા બદલ ધરપકડ કરવાનો આદેશ જારી કર્યો

ગત નવેમ્બર માસમાં એક ખ્રિસ્તી દંપતી શીથેડ અને સામેહ મસિહને કુરાનનું અપમાન કરવા બદલ બે મુસ્લીમ મોલવીઓએ ૫૦૦ થી ૬૦૦ લોકોનું ટોળું એકત્રીત કરીને તેમની હત્યા કરી હતી. ત્યારબાદ ઇંટોના ભઠ્ઠામાં આ દંપતિના શબોને સળગાવી દીધા હતા.આ દંપતિને ચાર બાળકો હતા.આ વખતે દંપતિ મહિલા ગર્ભવતી હતી.પોલીસે ૧૩૮ લોકો સામે ગુનો દાખલ કર્યો હતો.તેમજ ૫૯ લોકોને કસ્ટડીમાં લીધા હતા.ખ્રિસ્તી દંપતિની હત્યા પાછળ બે મુસ્લીમ મૌલવીએ દોરવણી આપી હતી.તેમજ ટોળાને ઉશ્કેરીને આ દંપતિની હત્યા કરાવી હતી.કોર્ટે આ કેસમાં વધુ તપાસનો આદેશ કર્યો હતો.પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે આવા કેસોમાં વ્યક્તિગત ધરપકડ કરવાનો આદેશ કર્યો હતો.સુપ્રીમ કોર્ટના આ પ્રકારના હુકમ બાદ નીચલી અદાલતોને આ હુકમને અનુસરીને બીજા કેસોમાં પણ આ પ્રકારના આદેશો જારી કરવા પડશે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

પ્રેમ

" એ હાલ ફિલમ જોવા ", આ વાક્ય મારુ નહીં પણ કોલેજકાળ દરમિયાન દાહોદના એક મિત્રનું છે.મારો હાથ ઝાલીને તેમણે કહ્યું આજે મારી સાથે ફિલમ જોવા આવવું પડશે.મિત્ર હોવાને નાતે તેની સાથે ખુબજ નીકટનો ઘરોબો હોવાને કારણે મે તેમની તમન્નાને આખરી મહોર મારી દીધી.

થોડીવારમાં તો અને પવનની ગતિએ ટોકીઝે પહોચી પણ ગયા.જ્યારે હું ટિકિટબારીએ ટિકીટના પૈસા આપવા માટે મે મારા ખિસ્સામાં હાથ નાંખ્યો ત્યારે તેમણે મને કહ્યું 'હાથ ખિસ્સામાંથી કાઢી લે, આ ફિલમ જબરું હે', આમ તેમણે જ ટીકીટના પૈસા માથે રાખ્યા.

અમે ટોકીઝમાં પ્રવેશ્યા. ફિલ્મ ગુજરાતી હતી. ને નામ 'ધુળકી તારી માયા લાગી'.ફિલમ જોતાં જોતાં ભરપુર મઝા માંણી. ટિકીટના પૈસા વસુલ. આ ફિલમમાં નાયક નાથિયો અને નાયિકા ધુળકી વચ્ચે અદ્‌ભુત પ્રેમ જોવા મળ્યો. તેમજ ટોકિઝમાં બેઠેલા ઘણા લોકોનો સીટી વગાડવાનો ધોધમાર વરસાદ પણ સાંભળવા મળ્યો. એક જુવાન તો ફિલમ પુરી થવાને અંતે પોતાની બેઠક પરથી ઉભો થઇને સ્ક્રીન પાસે પહોચી હાથ ઉંચા કરી ડાન્સ કરવા લાગ્યો. આમ તે સમય, તે મિત્ર, ફિલમ અને તે દશ્ય કદી ભુલી શકાય તેમ નથી.

માત્ર માણસ વચ્ચે પ્રેમ થઇજાય એવું પણ નથી. કારણ કે ખટારાવાળાને પોતાના ખટારા સાથે પણ પ્રેમ થઇ જતો હોય છે. મહોબ્બત થઇ જાય છે એટલે જ તો હજારો માઇલ સુધી હંકારી જતા હોય છે. ખટારાની કેબીન અદ્‌ભુત હોય છે. આપણે જોઇને આભા બની જઇએ. તે સગવડથી ભરપુર હોય છે.ઘણા ડ્રાઇવરોને હોર્ન સાથે પણ મહોબ્બત થઇ જાય છે. એટલે જ તો કેટલાક ડ્રાઇવરો ફિલમી ગીતોની સ્ટાઇલમાં હોર્ન મુકાવતા હોય છે.આવા હોર્ન ઊના(જી. જુનાગઢ)માં મને ઢળતી સાંજે દરરોજ સાંભળવા મળે છે.

આજકાલ મને પંખીએ બાંધેલા માળા સાથે પ્રેમ થઇ ગયો છે. હું નિરંતર તેને નિરખ્યા કરુ છું. પરોઢના ધુંધળા અજવાલામાં તેને મનભરીને નીરખી લઉ છું. જ્યારે ચીં..ચી... અવાજ કરે ત્યારે તે મારા માટે એલાર્મ બની જાય છે. હું ઝબકીને જાગી જાઉ છું. સુરજના કિરણો પહેલાં આ નાનકડા કદના પંખીના દર્શન થઇ જાય છે. જ્યારે ધરીની લોબીમાં આમતેમ લટાર મારતા હોય ત્યારે મારા હૈયામાં આનંદ વ્યાપી જાય છે.ગયા વર્ષે પણ એક પંખીએ એની એ જગ્યા પર માળો બાંધ્યો હતો. પણ તે પંખી રુમના પંખાને કારણે મૃત્યુ પામ્યું તું. તે પંખી પોતના માળા ને માળામાં મુકેલા ત્રણ ઇંડાથી વિખાઇ ગયું હતું.રુમનો પંખો ડેન્જર સાબિત થયો હતો. આજે હું પંખો બંધ રાખું છું. ગરમી વેઠી લઊ છું. આ પણ તપઋતુનો ખરો જ ઉપવાસ કહેવાય.

માંબાપ,ભાઇ-બહેન,પતિ-પત્નિ અને પ્રેમી-પ્રિયતમા વચ્ચેનો પ્રેમ અદ્‌ભુત હોય છે. જ્યાં પ્રેમ ખુટી પડે છે ત્યાં ઝેર ઢોળાતું હોય છે. ત્યારબાદ ઝગડો,કોપ,કંકાશ,વેર, દ્વેષ અને અભિમાનનો જન્મ થઇ જતો હોય છે. આમ અઢી અક્ષર આ "પ્રેમ "શબ્દને આપણે ડીલીટ ના કરીએ તો જીંદગીની મેમરી કાર્ડમાં રાખી મુકીએ.

મથુર વસાવા ,
(સેંટ જોસેફ હાઇસ્કુલ, ઉના, જી.ગીર સોમનાથ)

બાબા રામ રહીમ વિરુધ્ધ સીબીઆઇને અદાલતે તપાસ સોંપી

પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના આદેશ પર સીબીઆઇએ ડેરા સચ્ચા સૌદાના સંચાલક ગુરમિત રામરહીમ વિરુધ્ધ કેસ દાખલ કર્યો છે.તેમની પર ડેરા સચ્ચા સૌદાના ૪૦૦ સાધુઓની નસબંધી બળજબરીપુર્વક કર્યાનો આરોપ મુકવામાં આવ્યો છે.આ અગાઉ તેમની વિરુધ્ધ ત્રણ કેસો દાખલ થયેલા છે.આ ચોથો કેસ છે.અગાઉ દાખલ થયેલા કેસોમાં બે કેસ હત્યાના અને એક કેસ શારીરક શોષણનો છે.મેડીકલ તપાસમાં નપુંસક સાબિત થયેલ હંસરાજ ચોહાણે ડેરામાં ૪૦૦ સાધુઓને આશ્રમના ડોકટરની મદદથી નપુસંક બનાવ્યા હોવાનો આરોપ લગાવ્યો છે.તેમજ આ બાબતે સ્વતંત્ર એજન્સી દ્વારા તપાસની માંગણી કરી હતી.હંસરાજ ચૌહાણે આરોપ લગાવ્યો છે કે બાબા ગુરમિત રામરહીમ ઇશ્વરદર્શનની લાલચ આપી ડેરાના આશ્રમમાં રહેનારા ઘણા સાધુઓનું નસબંધીનું ઓપરેશન કરાવી નાંખ્યું છે. વર્ષ ૨૦૦૦માં તેમની નસબંધીનું ઓપરેશન કરવામાં આવ્યું હતું તેમની સાથે આશરે અન્ય ૨૦ સાધુઓની પણ નસબંધી કરવામાં આવી હતી.હંસરાજનો આરોપ છે કે ઓપરેશનને કારણે તેમનાં શરીરમાં હોર્મોનલ ચેઇન્જ આવી ગયા હતા.ઓપરેશન પછી લોકો તેમને નપુંસક કહેતા હતા.તેથી તેમના જીવનમાં હતાશા વ્યાપી ગઇ હતી.આમ વધુ એક સાધુની લીલા જાહેર થઇ છે.

શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

હિંસા કરે તે સ્વર્ગને મેળવી શકતો નથી.

આપણે ત્યાં' અહિંસા પરમો ધર્મ 'કહેવાયું છે.ભગવાન મહાવીર,બુધ્ધ અને ગાંધીજી પણ અહિંસાના માર્ગના ઉપદેશક રહ્યા છે.એટલું જ નહી,પણ જીવનભર સત્ય અને અહિંસા માટે ઝઝુમતા રહ્યા છે.છતાંય સમગ્ર વિશ્વમાં હિંસાએ એવો તો ઉપાડો લીધો છે કે કોઇ હદ નથી.આજે અન્ય મહોત્સવોની સાથે સાથે હિંસા મહોત્સવો પણ શરુ થઇ ગયા છે.હાડકાના પહાડો,લોહીની નદીઓ,કે દ્વેષના ધુમાડા ચારે કોર જોવા મળે છે.વિશ્વના શાંતિ ચાહકો અને સંતો મહંતોની અપીલો તપશ્ચર્યા સામે ખુલ્લા પડકારો થઇ રહ્યા છે.આજે જાણે હત્યાદેવી હાથમા ખુલ્લુ ખપ્પર લઇને નીકળી ન હોય! એવો અહેસાસ થાય છે.આખા જગતમાં જાણે ઝેરીલી હિંસાનો દાવાનળ પ્રગટ્યો છે.આ યુગની હિંસાનું વરવુ રુપ ચારેબાજુ જોવા મળે છે.ત્યારે આપણી આંતરડી કકળી ઉઠે છે.સત્તા સામેનો વિરોધ,રાજયની જોહુકમી,ધર્માંધતા,પક્ષાંધતા,વાદ-વિવાદના ઝગડા,વ્યાપાર અને વસવાટ હરીફાઇઓને દુનિયામાં હિંસાનું કરુણમાં કરુણ તાંડવ આચર્યું છે. હિંસા દ્વારા જ માણસ પશુથી પણ બદતર બની ગયો છે.ત્યાં અહિંસાની વાત કરવી અતિ અઘરી બની રહે છે.સ્વાર્થથી આંધળા અને નિર્દયી બનીને ધનિકોએ નિર્ધનોની હિંસા કરી છે.જે સામાન્ય માણસ છે,એના પર રાજયસત્તાએ પણ હાવી બનીને હિંસા કરે છે.આપણે જોતા આવ્યા છીએ કે દરેક યુગમાં હિંસાનુ રુપ અલગ અલગ મળે છે.આસુરી વિદ્યા અનેકરુપો ધારણ કરીને હિંસાને પોષવાનું કામ કરે છે.આપણને ખબર છે કે, વરસાદ ગમે ત્યાં વરસે પણ આખરે એ પાણી તો સમુદ્રને જ મળે છે.તેમ હિંસા ગમે તે કારણે,ગમે તે બહાને,ગમે તે પધ્ધતિએ કે ગમે તે સાધનથી થઇ હોય તો તે દ્વેષમાં પરિણમે છે.અને સમાજ નાશના જ કારણરુપ બને છે.આજે કોઇ પ્રાંત કે દેશ જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં હિંસાનો ખેલ ખેલાઇ રહ્યો છે.

હિંસા -સ્ત્રી.(સં) કોઇપણ જીવને હણવો કે પીડવો તે એવો અર્થ થાય છે. ભગવદ્રોમંડળ માં હિંસા વિશે વિગતે વાત કરી છે.પાંચ ઇન્દ્રીયો,મનોબળ,વચન અને કાય બળ એ ત્રણ તથા શ્વાસોશ્વાસ અને વાયુ મળીને દસ પ્રાણ ભગવાને કહેલા છે.તેનો વિયોગ કરવો તેનું નામ જ હિંસા છે.હિંસાના જુદા જુદા પ્રકાર : કૃતા(પોતે કરેલી)કારીત(કરો એમ કહીને બીજા પાસે કરાવેલી) અને અનુમોદિતા(સારુ કર્યુ તેમ કહીને અનુમોદન આપેલી) એમ ત્રણ પ્રકારની હિંસા છે.હિંસા એટલે કોઇનું ખુન કરવું કે પ્રાણ હરવો એટલું જ નથી હોતું, પણ કોઇપણ જીવને કોઇપણ પ્રકારની હાનિ કરવી તેનો પણ હિંસાના અર્થમાં સમાવેશ થાય છે.હિંસા પણ ત્રણ પ્રકારે થઇ શકે છે.શરીર વડે,મન વડે,કે વાણી વડે, એમ ગમે તે પ્રકારે હિંસા થઇ શકે છે.આપણે કોઇને લાફો મારીએ અથવા કોઇ વસ્તુ વડે મારીએ તો તે શારીરીક હિંસા થઇ કહેવાય. કોઇનું ખરાબ કે ખોટું ઇચ્છીએ તે માનસિક અને કોઇને ગાળો બોલીને, ધિક્કારીએ કે ખરાબ વચનોથી એની મશ્કરી કરીએ, કોઇ માણસનું મન દુભાવીએ કે એના અંતકરણને ડંખે એવું બોલીએ તે વાચિક હિંસા કહેવાય છે.

આ દરેક પ્રકારની હિંસાના પણ ત્રણ ત્રણ ભેદ છે.(૧) પોતે જાતે હિંસા કરવી (૨)એવા પ્રકારનું વર્તન કરવું કે જેના કારણે કોઇ બીજો માણસ હિંસા કરે (૩)કોઇ અન્ય માણસ હિંસા કરતો હોય એને આપણે અટકાવી શકીએ એમ હોવા છતાં ન અટકાવીને આપણે મુક સંમતિ આપવી. આ રીતે હિંસાના નવ પ્રકાર થાય છે.આ દરેક પ્રકારની હિંસાને પુનઃ ત્રણ વિભાગમાં વહેચીએ.(૧) લોભથી પ્રેરાઇ થયેલી હિંસા(૨)ક્રોધના આવેશથી થતી હિંસા (૩)અજ્ઞાનરુપ અંધકારથી થતી હિંસા. વળી તે હિંસાના પ્રમાણની અપેક્ષાથી ફરીથી તેના ત્રણ વિભાગ જોઇએ.(૧) મૃદુ માત્રા (૨)મધ્યમ માત્રા (૩)અધિક માત્રા. જેમાં હિંસા નજીવી થાય. જેમાં હાનિ સામાન્ય હોય અને જેમાં હાનિ થાય તે છે.આજે આ જગતમાં હિંસાએ માઝા મુકી છે.માણસ માણસના લોહીનો તરસ્યો બન્યો છે.ધનની પ્રતિષ્ઠા વધી છે.એના કારણે હિંસા સુક્ષ્મ રીતે પણ વધી રહી છે. હિંસા એ ધીમે ધીમે પોતાનું સ્વરુપ પ્રગટ કરવા માંડ્યું છે.આ જગતમાં બધાજ હિંસાની પાછળ પડ્યા છે એવું નથી. કેટલાક પોતપોતાની રીતે હિંસાનો વિરોધ કરે છે.પણ એમની પહોચ ક્યાં સુધી ?આપણે કહીએ છીએ કે જ્યાં આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં મારવાનું ? ગાંધી ગીતામાં કહ્યું છે : પતન માનવીનું યે હિંસાથી ઉદ્ભવે સદા. આગળ કહેવાયું છે : હિંસા અને અહિંસાનો ભેદ જાણવો ભેદ તો ઘટે,બીજાને દુઃખ દે હિંસા અહિંસા દુઃખ વ્હોરી લે.જે રાગદ્વેષથી મુક્ત હોય એજ અહિંસક બની શકે છે.

પદ્મપુરાણ(૧-૨-૩૧-૨૬)માં કહ્યું છે : પ્રાણી-હિંસક(જે પ્રાણીઓની હિંસા કરે છે તે)વેદ,દાન,તપ કે યજ્ઞ વગેરેથી પણ સ્વર્ગત્વને મેળવી શકતો નથી.જેનું મન હિંસામાં લાગેલું છે તે ગમે તે પ્રયત્ન કરવા છતાંય એની મોક્ષગતિ થતી નથી.જે માણસ માનવધર્મને ભુલી જાય છે તે હંમેશા હિંસાનો માર્ગ ગ્રહણ કરતો હોય છે. પુરુષાર્થસિધ્ધયુપાય(૬૨)માં કહ્યું છે : મદિરા-પાન ચિત્તને મોહિત કરે છે.અને જે મોહિતચિત્ત પુરુષ છે તે ધર્મને ભુલી જાય છે તથા ધર્મને ભુલેલો જીવ નચિંત બનીને હિંસાનું આચરણ કરે છે.દારુ પીને છાકટો બનતો માણસ શું ન કરી શકે?સામાન્ય બાબતમાં પણ ઝગડા કરતો ફરે.વિદુરે કહ્યું છે : મનુષ્યે હિંસા ન કરતા અર્થોને અપનાવવા જોઇએ. હિંસા થતી હોય, એ પ્રકારના શબ્દોથી પણ દુર રહેવું જોઇએ.જેથી વાચિક હિંસા પણ આપણાથી ના થવી જોઇએ. કેટલાક લોકો કારણ વગર હિંસા કરતા હોય છે. કેટલાક માત્ર ભ્રમથી પણ હિંસા કરી બેસે છે. આચારાંગમાં કહ્યું છે : એણે મને માર્યો, એવો વિચાર કરીને કેટલાક લોકો હિંસા કરતા હોય છે.આ મને મારે છે, કેટલાક એવો વિચાર કરીને હિંસા કરે છે.મનનો ભય અને ભ્રમણાથી પણ માણસ હિંસક બની જતો હોય છે.માણસ બીજાનું જોઇને એમાંથી કંઇક ઘડો લે તો સારુ,પણ એવુંબનતું નથી.જેના કારણે હિંસા તરફ ધકેલાય છે.

યોગશાસ્ત્ર(૨-૧૯)માં કહ્યું છે :પાગળાપણુ, કોઢીલું,કુબડાપણું, આ બધુંજ હિંસાના ફળને જોઇને, જે વિવેકી છે તે નિરપરાધી જીવોની હિંસા કરવાનો સંકલ્પ ત્યાગી દે. જે હિંસા કરે છે. એમની સ્થિતિ કેવી થાય છે એ જોયા પછી જે સદ્માર્ગે જાય છે તે સુખી થાય છે.ખરાબમાં ખરાબ માણસ પણ નિષ્ઠાપુર્વક સદમાર્ગે વળે તો એનામાં પરિવર્તન આવી શકે છે.તે હિંસક નહી, પણ અહીંસક બની શકે છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

સત્ય જ જીવનનો આધારસ્તંભ છે

મહાભારતમાં તો કહ્યુ છે ' સત્ય,દાન, ક્ષમા,અહિંસા,દયા વગેરે સદ્ગુણો જો શુદ્રમા હોય તો તે શુદ્ર નથી અને જો બ્રાહ્મણમાં આ ગુણો નથી તો તે બ્રાહ્મણ નથી ' એક ત્રાજવામાં આખા વિશ્વની વસ્તુઓ મુકો અને બીજામાં સત્ય, તો સત્યનુ પલ્લુ જ નીચે જશે.સત્યની તાકાત તો અકળ હોય છે.સત્ય બોલકુ હોઇ ન શકે. સત્ય તો માણસની આંખોમાંથી નીતરતો પ્રેમનો પ્રવાહ છે. અન્ય ક્યારેય છુપાઇ શકતુ નથી. સત્યથી લોકોનુ હિત થાય છે.અસત્યથી હાનિ. જે માણસ સત્યનો છેડો પકડી રાખે છે. તે છેલ્લા કિનારે પહોચી શકે છે.જે માણસ બીજાનુ અહિત ઇચ્છતો હોય એ અધર્મનુ આચરણ કરતો હોય છે.આ જગત સત્યમાં સમાયેલુ હોય છે.જેનામાં થોડો પણ દગો હોય, કોઇના પ્રત્યે દ્વેષભાવ હોય ત્યાં સત્ય રહેતુ નથી.મહાભારતમાં કહ્યુ છે કે જે સભામાં વડીલો હોતા નથી એ સભા નથી.જે ધર્મની વાત ન કરે તે વડીલ નથી.જેમાં સત્ય નથી તે ધર્મ નથી.અન જે કપટપુર્ણ હોય તે સત્ય નથી.આપણે આગળ કહ્યુ છે તેમ આ વિશ્વ સત્યના આધારે જે ટકેલું છે.સત્ય જ પાયો છે.જે પાયો જ નબળો હોય તો ઇમારતના શા હાલ થાય ?સત્યને જીવાડવાની આપણી ફરજ છે.જે માણસ ફરજ ચુકે છે એ ઘણુ બધુ ગુમાવે છે. સત્ય ક્યારેય મરતુ નથી. મરવા દેતુ નથી.સત્ય અજરઅમર છે.એનો નાશ થતો નથી.એને કોઇ ખતમ કરી શકતુ નથી.સત્યમાં કશુ છુપાવવાનુ હોતુ નથી. અસત્યમાં છુપાવવુ પડે છે. સત્ય તો ઉઘાડી કિતાબ જેવું છે.જ્યાં સત્ય છે ત્યા કોઇ ડર હોતો નથી.ગાંધીજીએ કહ્યુ છ કે સત્ય ગુપ્તતાથી નફરત કરે છે.

સત્ય બોલનાર મહાન છે. જેનુ મન સત્યમાં લીન રહે છે.તે તપસ્વી કરતાં પણ મહાન છે.અને દાતા કરતાં પણ શ્રેષ્ઠ છે.સત્યમાં શ્રેષ્ઠતાનો ગુણ છે.સત્યની શક્તિનો કોઇ પાર નથી.સત્ય તો આપણો શણગાર છે. એ શણગારના આધારે જ સામેની વ્યક્તિને એનો પરચો મળતો હોય છે. જેમ કુલીન સ્ત્રીઓની શોભારૂપે લજ્જા છે તેમ સાચુ બોલવુ તે સર્વ વાણીઓનુ ભુષણ છે. આ આભુષણ જે આપણી શોભા છે. એક ત્રાજવામં આખા વિશ્વની વસ્તુઓ મુકો અને બીજામાં સત્ય. તો સત્યનુ પલ્લુ નીચે જશે.

સત્યની તાકાત તો અકળ છે.સત્ય બોલકુ હોઇ ન શકે જે સત્યની વાતો કરે છે એ દંભી છે.સત્ય તો મૌન છે.સત્યને વાણીની જરૂર નથી.સત્ય તો માણસની આંખોમાંથી નીતરતો પ્રેમનો પ્રવાહ છે. સત્યનો જ વિજય થતો હોય છે.જગતના સર્વ ધર્મોમાં સત્ય શ્રેષ્ઠ ધર્મ છે.સત્યને ટીલાં ટપકાં કે પુજા માળાની જરૂર નથી.સત્યથી વધે એવો કોઇ ધર્મ નથી.બાઇબલમાં કહેવાયું છે કે સત્ય જ મહાન છે અને પરમ શક્તિશાળી છે.એ મહાન શક્તિનુ હથિયાર આપણા જ હાથમાં છે.પરંતુ માનવી નગણ્ય સ્વાર્થ ખાતર સત્યનો ત્યાગ કરતાં અચકાતો નથી.ધારો કે તેને તત્કાલીન થોડો ફાયદો થતો હશે.પણ એનાથી થતા નુકશાનનો અંદાજ એને હોતો નથી.આજે દરેક લોકો કહે છે કે અસત્યનો યુગ આવ્યો છે. દરેકને અસત્ય ગમતુ નથી પણ સત્યની શરુઆત પોતાનાથી કરવી જોઇએ તે થતી નથી.સત્યને ક્યારેય કાટ લાગતો નથી.સત્ય ક્યા છે ?એવા પ્રશ્નનો જવાબ શો હોઇ શકે ? સત્ય સર્વત્ર છે.જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબ પડે છે એવી જ રીત પ્રકૃત્તિમાં રહેલી ચેતનાની છાયા સત્ય પ્રતીત થાય છે.

બીજાઓને જે પ્રસન્ન રાખે છે એને સત્ય કહેવુ જોઇએ. જે સત્ય બીજાઓના દુઃખ માટે હોય એના માટે બુધ્ધિમાન મૌન રહે. સત્ય કોઇને કષ્ટ ન આપે.સત્ય સૌને આનંદ આપે છે. સત્ય સુખ આપે છે.સત્ય જીવવાનો આધારસ્તંભ છે.સત્ય માણસને માણસ બનાવે છે.સત્યથી જગતનુ નિયંત્રણ થાય છે. સત્ય જ વિશ્વનો શ્વાસ છે. સત્ય જ સર્વ ટકી રહ્યું છે. સત્ય તો વિરાય છે.આપણા જેવા સામાન્ય જીવો તો એને પ્રાપ્ત કરવામાં અસમર્થ છીએ.છતાયં આપણે જ સત્યની છાયામાં બેઠા છીએ.એવો દંભ કરતાં પણ અચકાતા નથી.સત્ય બીજનુ ભલુ કરવા માટે હોય છે.અન્યને પીડવાથી અથવા પડાવી લેવાની દાનત રાખવાથી અસત્યને પોષવા સિવાય શું છે ?સત્ય પર જ લોકો નિર્ભર છે તે જન્મ મરણના બંધનોને પાર કરી જાય છે.સત્ય ત સ્વર્ગનુ દ્વાર છે. જગત માત્ર ને માત્ર સત્યના આધારે તરી જાય છે.ગાંધીજીએ કહ્યુ છે કે મારી સમક્ષ સત્યથી બીજો કોઇ ઇશ્વર છે જ નહી. સત્ય જ ઇશ્વર છે. સત્ય એક વિશાળ વૃક્ષ છે,તેની જેમ જેમ સેવા કરવામાં આવે છે તેમ તેમ તેમાં અનેક ફળ બેસે છે.તેનો અંત જ થતો નથી. એટલે જ તો તેમણે સત્યનો માર્ગ શુરાનો નહી કાયરનુ કામ જોને. એવુ કહેવાનુ મન થાય છે. અસત્ય લાંબો સમય રહી શકતુ નથી. અસત્ય સુકા ઘાસની ગંજી સમાન છે.સત્યની એક ચિનગારી એને ભસ્મ કરી નાંખે છે.કેટલાંક લોકો અસત્યને પણ સત્યના વાઘા પહેરાવતા હોય છે. કહેવાય છે કે એક જુઠ સો વખત કહેવાથી સત્ય બની જાય છે. પણ એ માત્ર આપણો ભ્રમ હોઇ શકે.સત્યને આત્મા દ્વારા જાણી શકાય છે. જે સત્ય છે તે કાયમ માટે સત્ય છે.સત્ય કોઇ તર્ક કે દલીલો દ્વારા પ્રાપ્ત થતુ નથી. સત્ય એ તો અનુભવની વસ્તુ છે.સંપ્રદાયો દ્વરા સત્યની પ્રતિતિ થઇ શકતી નથી.કારણકે સંપ્રદાય દ્વારા સત્યની પ્રતિષ્ઠા જ એમના માટે મહત્વની બની રહે છે. એમાં સત્ય તો કાયમ માટે છુપાઇ જાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.